Extra No. 293

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, AUGUST 4, 2025 / SRAVANA 13, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૧૧મી જુલાઈ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ (જીએન-૫૪)એફડી/ઓટીએચ/ઇ-ફાઇલ/૪/૨૦૨૩/૨૮૬૧/ઘ(ડીએટી-મહેકમ)-નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Deputy Director of Insurance, Class I, in the General State Service, under the Directorate of Insurance Recruitment Rules, 2025

વીમા નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ વીમા નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: (જીએન-૫૪)એફડી/ઓટીએચ/ઈ-ફાઈલ/૪/૨૦૨૩/૨૮૬૧/ઘ(ડીએટી-મહેકમ):- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, વીમા નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ વીમા નિયામક, વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, વીમા નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ વીમા નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વીમા નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ વીમા નિયામક, વર્ગ ૧ની જગા પરની નિમણૂક,-

(૧) (ક) (૧) જેણે વીમા નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ વીમા નિયામક, વર્ગ ૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછું આઠ વર્ષ કામ કરેલું હોય;

(૨) જેણે ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) જે સીધી પસંદગી માટે, નિયમ ૩-ના ખંડ (ગ)માં ઠરાવ્યા પ્રમાણેની વ્યાવસાયિક લાયકાત ધરાવતી હોય,

-તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭-માં ઠરાવ્યા પ્રમાણે બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, 'સારા' નો આધાર-ચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતા ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે; અથવા

(ગ) ઉપરના ખંડ (ક) અથવા (ખ) મુજબ યોગ્ય ઉમેદવાર ઉપલબ્ય ન થાય ત્યાં સુધી, ગુજરાત હિસાબી સેવામાં, હિસાબી અધિકારી, વર્ગ ૧ના સંવર્ગમાં કામ કરતી વ્યક્તિઓમાંથી પ્રતિનિયુક્તિને આધારે કામચલાઉ (હંગામી) બદલીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલ જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદાને હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(ગ) ભારતીય વીમા સંસ્થામાંથી સામાન્ય વીમાના વિષય (જીવનેતર) સાથે જ સંલગ્ન પરીક્ષા (એસોશિયેટશિપ એક્ઝામિનેશન) પાસ કરેલી હોવી જોઈશે;

(ઘ) (૧) વીમા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, સિનિયર ટેકનિકલ મદદનીશ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પર ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) સામાન્ય વીમા કંપનીઓ દ્વારા માન્ય આઈઆરડીએઆઈ (IRDAI-ઈન્સ્યુરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-ભારતીય વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ)માં સામાન્ય વીમાના અથવા આઈઆરડીએઆઈ દ્વારા માન્ય સરકારી વીમા ફંડ (જીવનેતર)ના ક્ષેત્રમાં, વીમા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, સિનિયર ટેકનિકલ મદદનીશ, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પર ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(ચ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(છ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલ ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા અને સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સપના વી. રાણા,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.08 12:32:28 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar